# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 15-05-2024 Morning : 7.45 to 7.55
Day : Wednesday National News

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

**********************************************************

- લોકસભા ચૂંટણીનાં બાકીનાં ત્રણ તબક્કા માટે પ્રચાર ઝૂંબેશ વેગમાં - રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો આજે જાહેરસભાઓ સંબોધશે
- મોબાઇલ નંબર ડિસકનેક્ટ કરવાની ધમકી આપતા બનાવટી કોલને ટાળવા નાગરિકોને સરકારનું સૂચન
- આવતીકાલથી 18મી સુધી રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, પંજાબ અને હરિયાણામાં તીવ્ર ગરમીની હવામાન ખાતાની આગાહી
- ભારતની સૌથી મોટી કૌશલ્ય સ્પર્ધા ઇન્ડિયા સ્કિલ્સ કોમ્પિટિશન 2024નો આજથી નવી દિલ્હીમાં પ્રારંભ
- ઇઝરાયલની ટેન્કો રફાહમાં આગળ વધતા વધુ જાનહાનીની આશંકા
- આઇપીએલ ક્રિકેટમાં દિલ્હી કેપિટલ્સે લખનઉ સુપર જાયન્ટ્સને 19 રને હાર આપી – આજે રાજસ્થાન રોયલ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો
- ********************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# Political Campaign.

લોકસભા ચૂંટણીનાં ચાર તબક્કા માટે મતદાન પૂર્ણ થયા બાદ હવે બાકીનાં ત્રણ તબક્કા માટે પ્રચાર ઝૂંબેશે ગતિ પકડી છે. વિવિધ રાજકીય પક્ષોનાં ટોચનાં નેતાઓ દેશનાં વિવિધ ભાગોમાં જાહેર સભાઓ અને રોડ શો યોજી રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે સાંજે ઝારખંડનાં કોડેરમા અને ગિરિડિહ ખાતે જાહેરસભાઓ સંબોધી હતી. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, તેમની સરકારે વંચિત લોકોનાં કલ્યાણ માટે કામ કરવા પર સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે.

બીજી બાજુ, કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ ઉત્તરપ્રદેશનાં ઝાંસીમાં સપાના પ્રમુખ અખિલેશ યાદવ સાથે સંયુક્ત રેલી સંબોધી હતી. શ્રી ગાંધીએ ઇન્ડિ ગઠબંધન સરકાર સત્તા પર આવશે તો રોજગારની નવી તકો સર્જવાનું વચન આપ્યું હતું. જાહેર સભાને સંબોધતા અખિલેશ યાદવે જણાવ્યું કે, ઇન્ડિ ગઠબંધન સત્તા પર આવશે તો ખેડૂતોની લોન માફ કરશે.

દરમિયાન, સાતમા અને અંતિમ તબક્કા માટે ઉમેદવારી નોંધાવવાનો ગઇકાલે અંતિમ દિવસ હતો. 1 જૂને યોજાનારી ચૂંટણીમાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની 57 બેઠકોને આવરી લેવામાં આવશે. આજે ઉમેદવારીપત્રોની ચકાસણી થશે. ગઇકાલે વિવિધ રાજકીય પક્ષોનાં અગ્રણી ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વારાણસી લોકસભા બેઠક પરથી ઉમેદવારીપત્ર ભર્યું હતું. તેમની સામે કોંગ્રેસના અજય રાય મેદાનમાં છે.

દરમિયાન આજે પણ વિવિધ પક્ષોનાં સ્ટાર પ્રચારકો જાહેર સભાને સંબોધશે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે મંબઇના ઘાટકોપરમાં રોડ શો કરશે. 2.5 કિલોમીટર લાંબો રોડ શો એલબીએસ માર્ગ પર શ્રેયસ સિનેમાથી શરૂ થશે અને ગાંધી માર્કેટ ખાતે પૂરો થશે. મુંબઇ ઉત્તર પૂર્વ બેઠકથી ભાજપના ઉમેદવાર મિહિર કોટેચા માટે ચૂંટણી ઝૂંબેશનાં ભાગ રૂપે રોડ શો યોજાશે.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ઓડિશાના ગંજમ અને કટક ખાતે જાહેર સભાઓ સંબોધશે. કેન્દ્રીય મંત્રી રાજનાથસિંહ ભાજપના નેતા અને કેન્દ્રીય મંત્રી કૌશલ કિશોર માટે પ્રચાર કરશે. સપા નેતા અખિલેશ યાદવ બલરામપુર જિલ્લાની ગૈનસાડી બેઠકમાં જાહેર સભા કરશે. કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, હિમાચલપ્રદેશના મુખ્યમંત્રી સુખવિન્દર સિંહ સુખુ અને કોંગ્રેસના મહામંત્રી પ્રિયંકા ગાંધી વાડ્રા રાહુલ ગાંધી માટે રાયબરેલીમાં પ્રચાર કરશે. બહુજન સમાજ પાર્ટીનાં નેતા માયાવતી બાંદા મતવિસ્તારના અતારામાં જાહેર સભા સંબોધશે.

# DOT-FAKE CALL

સરકારે મોબાઇલ નંબર ડિસકનેક્ટ કરવાની ધમકી આપતા બનાવટી કોલને ટાળવા નાગરિકોને સૂચન કર્યું છે. કેન્દ્રીય દૂરસંદેશા વ્યવહાર વિભાગે નાગરિકોને આવા બનાવટી કોલ ન લેવા વિનંતી કરતી સલાહ જારી કરી છે. ટેલિકોમ વિભાગે સરકારી અધિકારી હોવાનો દાવો કરીને વિદેશી મૂળનાં મોબાઇલ નંબર પરથી આવતા વોટ્સએપ કોલ અંગે પણ સલાહ જારી કરી છે. જો આ પ્રકારની ઘટના ધ્યાનમાં આવે તો સાઇબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર 1930 પર જાણ કરવા નાગરિકોને જણાવવામાં આવ્યું છે.

દરમિયાન, કેન્દ્રીય ગૃહ મંત્રાલયે પોલીસ, કેન્દ્રિય તપાસ એજન્સી, નાર્કોટિક્સ વિભાગ, ભારતીય રિઝર્વ બેન્ક, પ્રવર્તમાન નિદેશાલય અને અન્ય કાયદા અમલીકરણ એજન્સીઓના અધિકારીઓની નકલી ઓળખ આપી છેતરપિંડી કરનારાઓથી સાવચેત રહેવા સલાહ આપી છે.

મંત્રાલયના જણાવ્યા મુજબ, નેશનલ સાઈબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ પર સરકારી અધિકારીઓ તરીકે સાઈબર ગુનેગારો દ્વારા ધાકધમકી, ખંડણી સહિતના મામલા અંગે મોટી સંખ્યામાં ફરિયાદ નોંધાઈ રહી છે. મંત્રાલયે જણાવ્યું કે, કેટલાક પીડિતોએ આવા ગુનેગારોની વાતમાં ફસાઈને મોટી રકમ પણ ગુમાવી છે. નાગરિકોએ મદદ માટે www.cybercrime.gov.inપર તાત્કાલિક ઘટનાની જાણ કરવી.

# IMD WEATHER INDIA

ભારતીય હવામાન વિભાગે આવતીકાલથી 18 મે સુધી રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, પંજાબ અને હરિયાણા સહિત ઉત્તર-પશ્ચિમ ભારતમાં ગરમીનું મોજું ફરી વળવાની આગાહી કરી છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, આજે દરિયાકાંઠાના મહારાષ્ટ્ર અને ગોવામાં અને આવતીકાલ સુધી ગુજરાતમાં ગરમ અને ભેજવાળું હવામાન રહેશે. આજે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા અને ગુજરાતમાં ગાજવીજ, વીજળી અને ઝંઝાવાતી પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

પશ્ચિમ બંગાળ, સિક્કીમ અને અંદમાન અને નિકોબાર ટાપુઓ પર પણ આ સ્થિતિ આગામી 6 દિવસ દરમિયાન યથાવત્ રહેશે. જ્યારે ઉત્તર ભારતમાં આગામી 6 દિવસ દરમિયાન તમિલનાડુ, પુડુચેરી, કેરળ, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં સમાન સ્થિતિ પ્રવર્તશે. હવામાન વિભાગે કહ્યું કે, આગામી ચાર દિવસ દરમિયાન મધ્ય ભારતમાં મહત્તમ તાપમાન 2 થી 4 ડિગ્રી સેલ્સિયસ વધશે. બાકીના દેશમાં કોઈ નોંધપાત્ર ફેરફારની અપેક્ષા નથી

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# INDIA SKILL COMPETITION

ભારતની સૌથી મોટી કૌશલ્ય સ્પર્ધા ઇન્ડિયા સ્કિલ્સ કોમ્પિટિશન 2024નો આજથી નવી દિલ્હીમાં પ્રારંભ થઈ રહ્યો છે. કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલયે જણાવ્યું હતું કે, આ સ્પર્ધામાં 30થી વધુ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનાં 900થી વધુ વિદ્યાર્થીઓ અને 400થી વધુ ઉદ્યોગ નિષ્ણાંતો ભાગ લઈ રહ્યા છે. ચાર દિવસ ચાલનારી ઇન્ડિયા સ્કિલ્સ કોમ્પિટિશનમાં ભાગ લેનારાઓ રાષ્ટ્રીય મંચ પર પરંપરાગત કળાથી માંડીને અત્યાધુનિક ટેકનોલોજી સુધીનાં 61 ક્ષેત્રોમાં પોતાની વૈવિધ્યસભર કુશળતા દર્શાવશે.

47 કૌશલ્ય સ્પર્ધા દિલ્હીમાં યોજાશે, જ્યારે બાકીની 14 કુશળતા માટેની સ્પર્ધા કર્ણાટક, હરિયાણા, ઉત્તરપ્રદેશ અને ગુજરાતમાં યોજાશે. વિદ્યાર્થીઓ ડ્રોન દ્વારા ફિલ્મ નિર્માણ, કાપડ વણાટ, ચામડાના પગરખા ઉત્પાદન અને પ્રોસ્થેટિક મેકઅપ સહિતનાં કૌશલ્યમાં પણ ભાગ લેશે. આ સ્પર્ધાનાં વિજેતાઓને આ વર્ષે સપ્ટેમ્બરમાં ફ્રાન્સનાં લિઓનમાં યોજાનારી વિશ્વ કુશળતા સ્પર્ધા માટે તૈયાર કરવામાં આવશે.

# Israel Rafar War

ઇઝરાયેલી ટેન્કો દક્ષિણ ગાઝાના પૂર્વ રફાહમાં આગળ વધીને કેટલાંક રહેણાંક જિલ્લાઓમાં પ્રવેશતાં નાગરિકોની વધુ જાનહાનિની આશંકા ઊભી થઈ છે. ઉલ્લેખનીય છે કે અહીં હજારો શરણાર્થીઓ આશરો લઈ રહ્યા છે. ઇઝરાયેલના જણાવ્યા પ્રમાણે હમાસની બટાલિયનોએ ગાઝામાં ઊંડે સુધી પ્રવેશ કર્યો છે અને હમાસના બાકીના લડાકુઓને કાઢવા માટે આ અભિયાન જરૂરી છે.

ઉત્તર ગાઝાના જાબાલિયામાં વિસ્થાપિત પેલેસ્ટાઇનીઓ માટે 75 વર્ષ પહેલાં બનેલી શરણાર્થી શિબિરમાં મંગળવારે મોડી રાત્રે ભીષણ ગોળીબાર થયો હતો. હમાસની સશસ્ત્ર પાંખ કાસમ બ્રિગેડ્સે જણાવ્યું હતું કે, તેણે પૂર્વ અલ-સલામ જિલ્લામાં ઇઝરાયેલની મિસાઇલ ધરાવતા વાહનને ફૂંકી માર્યું છે, જેમાં કેટલાંક સૈનિકોનાં મૃત્યુ થયા છે.

જો કે આ અંગે ઇઝરાયેલી સંરક્ષણ દળોએ ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો છે. દરમિયાન આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતે જણાવ્યું છે કે તે રફાહ પર ઇઝરાયેલનાં આક્રમણ મુદ્દે નવા તાકીદનાં પગલાંની માગણી કરતી દક્ષિણ આફ્રિકાની વિનંતી પર ગુરૂવારે અને શુક્રવારે સુનાવણી કરશે.

# REV.IPL CRICKET-RESULT

આઇપીએલ ક્રિકેટમાં ગઇકાલે નવી દિલ્હીનાં અરૂણ જેટલી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં દિલ્હી કેપિટલ્સે લખનઉ સુપર જાયન્ટ્સને 19 રને હાર આપી હતી. દિલ્હી કેપિટલ્સે 20 ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને 208 રન કર્યા હતા, જવાબમાં લખનઉ સુપર જાયન્ટ્સે 189 રન કર્યા હતા. લખનઉ સુપર જાયન્ટ્સે ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કરી હતી.

આ સાથે દિલ્હી કેપિટલ્સ સાત વિજય, સાત પરાજય અને 14 પોઇન્ટ સાથે સીઝનમાં પાંચમા ક્રમે, જ્યારે લખનઉ સુપર જાયન્ટ્સ છ વિજય, સાત પરાજય અને 12 પોઇન્ટ સાથે સાતમા ક્રમે રહ્યું છે. બંને ટીમોની પ્લેઓફમાં પ્રવેશવાની શક્યતા અન્ય ટીમોની હારજીત પર આધારિત છે. આજે ગુવાહાટીમાં રાજસ્થાન રોયલ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો થશે. પંજાબ પ્લેઓફમાં અગાઉથી જ બહાર નીકળી ગયું છે, જ્યારે 16 પોઇન્ટ્સ સાથે રાજસ્થાન વિજય મેળવીને ટોચની ચાર ટીમોમાં સ્થાન મેળવવા પ્રયત્ન કરશે.

# FIH Hockey

ભારતની પુરુષ હોકી ટીમ ગઇ કાલે એફઆઇએચ હોકી પ્રો લીગનાં યુરોપિયન તબક્કા માટે બેલ્જીયમ જવા રવાના થઈ હતી. ભારતીય ટીમના કેપ્ટન હરમનપ્રીત સિંહે જુલાઇમાં આયોજિત પેરિસ ઓલિમ્પિક્સ માટે તૈયારીનાં સંદર્ભમાં આ ટુર્નામેન્ટનાં મહત્વ પર ભાર મૂક્યો હતો. તેના જણાવ્યા પ્રમાણે એફઆઇએચ હોકી પ્રો લીગ તેમને ટીમ તરીકે રમતનું આકલન કરવામાં મદદ કરશે એટલું જ નહીં પણ તેમને હરીફ ટીમોની રમત શૈલીથી પણ માહિતગાર કરશે.

ભારત 22મેથી યુરોપિયન તબક્કાનો પ્રારંભ કરશે અને પ્રથમ મેચ આર્જેન્ટીના સામે રમશે. ત્યારબાદ 23 અને 25મેનાં રોજ બેલ્જિયમ સામે અને 26મેનાં રોજ આર્જેન્ટિના સામે રમશે. 1 અને 8 જૂને લંડનમાં અંતિમ તબક્કામાં જર્મની સામે તથા 2 અને 9 જૂને યજમાન ગ્રેટ બ્રિટન સામે રમશે.

# PRASAR BHARATI CHAIRMAN VISIT

પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત સહેગલે ગઈકાલે નવી દિલ્હી ખાતે આકાશવાણીના મુખ્યમથકની મુલાકાત લઈ અધિકારીઓ સાથે સંવાદ કર્યો હતો. શ્રી સહેગલે સમાચાર સેવા વિભાગ, કાર્યક્રમ અને ઈજનેર વિભાગના અધિકારીઓ સાથે આકાશવાણીની કાર્યશૈલી અને પડકારો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે ગુણવત્તાયુક્ત સામગ્રી બનાવવા અંગે સુધારા અને પરિવર્તનની જરૂર હોય તેવા મુખ્ય ક્ષેત્રોની પણ ચર્ચા કરી હતી.

શ્રી સહેગલે આકાશવાણીને વધુ અસરકારક સંસ્થા બનાવવાની આવશ્યકતા પર ભાર મુક્યો હતો. તેમણે ડિજિટલ માધ્યમ દ્વારા શ્રોતાઓ સુધી વધુ પહોંચવા અંગે પણ જણાવ્યું હતું. શ્રી સેહગલે આકાશવાણીના સમાચાર કક્ષ અને અન્ય વિભાગોની પણ મુલાકાત લીધી હતી.